# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

સત્તાની ખેંચતાણમાં બધા બાધા થઇ ગયા,
અજ્ઞાના સેવકો સત્તા માટે ઘાંઘા થઇ ગયા!
આઘા થઇ ગયા ગાંધીવાદના માર્ગ પરથી -
'સ્વચ્છ રાજકારણ'ના વસ્ત્રે ડાઘા થઇ ગયા..

### હાઇકુ

રામ-રહીમે
આપી દીધો મેસેજ
'સેન્સર બોર્ડને..'
(રિલીઝ..!!)

હવે દિલ્હીમાં,
'સફાઇ અભિયાન'
'ઝાડુ' ચિંતામાં..
(ઘેરાબંધી ગોઠવાઇ)

## ચિંતન

**વ્યોમન્તિ સ વાસં કુરુતે ચિત્ર નિર્માતિ સુંદરં પવને ।**
**રચયતિ રેખાઃ સલિલે ચરતિ ખલે યસ્તુ સત્કારમ્ ॥**

'ફળની ઇચ્છા રાખીને અર્થાત કંઇક સારું પરિણામ આવશે એવી અપેક્ષા જે માણસ-દુષ્ટ-દુર્જનનો માન-પાન આપીને સત્કાર કરે છે તે હવાઇ કિલ્લા બાંધે છે અર્થાત્ આકાશી મકાનમાં રહે છે, હવામાં, કલ્પાનાં ચિત્રો દોરે છે અર્થાત મનમાં જ લાડુ આરોગે છે, અને પાણી પર રેખાઓ દોરે છે અર્થાત પાણી પર લખે છે.'

દુષ્ટ લોકોને ગમે તેટલો પ્રેમ-માન-પાન-સન્માન આપો પણ એમની પાસેથી એવાં કોઇ વળતાં પગલાં કે સારા પરિણામ પડઘાતાં નથી. એમની સેવા વ્યર્થ જ જાય છે. એ તો ક્ષણમાં જ બધું ભૂલી જાય અને કરતા હોય તેમ જ કરે છે.

એટલે કે દુષ્ટ ને માન-સન્માન આપ્યા પછી પણ તેમની પાસે કોઇ જ અપેક્ષા કે સારા પ્રત્યાઘાતની અપેક્ષા રાખવી નહીં.

## સુવિચાર

- જે દિવસે તમને ખબર પડશે કે ભલાઇના કામ કરવાથી મનને શાંતિ મળે છે.. એ દિવસથી તમે ખરાબ કામ કરવાના છોડી દેશો - **ધર્મસૂત્ર**
- 'સ્વાસ્થ્ય' સૌથી મોટી ભેટ છે.. 'સંતોષ' સૌથી મોટું ધન છે.. 'વફાદારી' સૌથી મોટો સંબંધ છે - **ગૌતમ બુદ્ધ**
- કામયાબી બડી નહીં ઉસે પાને વાલે બડે હોતે છે.. જખ્મ બડે નહીં ઉસે ભરનેવાલે બડે હોતે હૈ.. રિશ્તે બડે નહી.. ઉસે નિભાનેવાલે બડે હોતે હે.. - **એસ.એમ.એસ.**
- તમે જે ખરેખર છો તે જોરશોરથી તમારા વર્તન દ્વારા પોકારી રહ્યું છે - **ઓશો**
- જખમ અને જોખમનો સરવાળો એટલે જીંદગી - **જ્ઞાનસૂત્ર**
- આવતા જન્મમાં મને શું મળશે? એ પ્રશ્નનો જવાબ મેળવવા કોઇનીયે પાસે જવાની જરૂર નથી.. માત્ર આ જીવનમાં તમે બીજાને શું આપો છો.. એ જાણી લો તમારા પ્રશ્નનો જવાબ તમને એમાંથી મળી રહેશે - **સંતરામ**
- સ્થગિત થઇને જીવે તે 'કેલેન્ડર'.. પ્રગતિશીલ થઇને જીવે તે 'માણસો' - **કાન્તિ ભટ્ટ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે દાન-પુણ્ય ધર્મ-ધ્યાન, હોમ-હવન, પાઠ-પૂજા કરાવીએ છીએ એમાંથી માનસિક શાંતિ થતી હશે. પણ 'સાચો ધર્મ શું?'

એક રાજા ખૂબ શ્રદ્ધાળુ હતો. એણે પણ પોતાના પ્રધાન મંડળમાં એક 'ધર્મપ્રધાન'ની કેબીનેટ કક્ષાની પોસ્ટ ઊભી કરી હતી. એ રાજમહેલ મંદિરો, યજ્ઞશાળા, નદીના ઘાટ, સરોવર દરેક જગ્યાએ પાઠ-પૂજા-યજ્ઞ-યાજ્ઞાદિ કરાવે જ રાખે ક્યાંક ભાગવત સપ્તાહ કે રામકથા પણ... ચાલુ હોય..

ક્યાંક કળશ ચઢાવ્યા ક્યાંક મૂર્તિઓ સોને મઢાવી પણ રાજાને જોઇએ તેવાં શાંતિ-સંતોષ થયાં જ નહીં. એક ફકીર જેવો સંત ઓલીઓ દરબારમાં આવ્યો. રાજાએ પોતે આજ સુધી શું કરાવ્યું - કર્યું તેની વિગતો કહી - ને પૂછ્યું પણ મને અંતરથી કેમ આનંદ થતો નથી?

ફકીર કહે - મહારાજ! ઇશ્વરે જે શરીર આપ્યું છે એની સારી રીતે સંભાળ રાખ અને લોક કલ્યાણનાં સેવા કાર્યો કર. 'શરીરં આદ્યં ખલુ ધર્મ સાધનમ્' તંદુરસ્ત શરીરથી સેવા કાર્ય કરવું એ જ સાચો ધર્મ.

Email - sureshchandrabhatt18@gmail.com

# આપણને એવા શિક્ષણની જરૂર છે જેના દ્વારા ચારિત્ર્યનું નિર્માણ થાય, મસ્તિષ્કની શક્તિ વધે, બુદ્ધિનો વિકાસ થાય અને મનુષ્ય પોતાના પગ પર ઊભો રહે

## ભારતીય જીવન દર્શન અને શિક્ષણ દર્શન

- હર્ષદ પ્ર. શાહ

(ગતાંકથી આગળ...)

જીવન દર્શન અને શિક્ષણ દર્શનનો આપસમાં ગહન સંબંધ છે. ભારતના જ્ઞાનીઓએ જે પ્રકારના ઉદાત્ત જીવનની કલ્પના કરી છે તેને સાકાર કરી શકવાનું સામર્થ્ય શિક્ષણમાં છે. એમ સમજી આદર્શ શિક્ષણ-વ્યવસ્થા પણ આપી.

પણ ભારતીય શિક્ષણદર્શનથી આપણે જોજનો દૂર ચાલ્યા ગયા. વિદેશમાંથી આયાત કરેલું ખંડ-ખંડનું અપૂર્ણ શિક્ષણ આપણે અપનાવ્યું અને અસીત - અનંત-અખંડ જીવનનો સાક્ષાત્કાર કરાવતું ભારતીય શિક્ષણ આપણે ત્યાગ્યું.

ક્યારેક આપણને એમ લાગે કે ભારતીય શિક્ષણદર્શન કાલબાહ્ય છે અને એમાં યુગાનુકૂલ પરિવર્તન આવશ્યક છે. તો પણ, મૂળને પકડી રાખવાની જરૂર હતી, મૂળને પાણી પાવાની જરૂર હતી. આપણે તો વિદેશી ચિંતનને સાંગોપાંગ અપનાવી ડાળી-પાંદડાંને પાણી પાવા શરૂ કર્યું. પરિણામે જીવનનો પોષક રસ સુકાતો ચાલ્યો. કારકિર્દી અને અર્થની ચિંતા કરતાં શીખ્યા પણ જીવનની અર્થસભરતા ગુમાવી બેઠા.

ભારતીય પરિપેક્ષ્યમાં શિક્ષણનું ચિંતન કરીએ ત્યારે વર્તમાન યુગના ઋષિ સ્વામી વિવેકાનંદ અચૂક યાદ આવે. એમના શબ્દો છે - "આપણને એવા શિક્ષણની જરૂર છે જેના દ્વારા ચારિત્ર્યનું નિર્માણ થાય, મસ્તિષ્કની શક્તિ વધે, બુદ્ધિનો વિકાસ થાય અને મનુષ્ય પોતાના પગ પર ઊભો રહે..."

ભારતીય ચિંતનની પૃષ્ઠભૂમિ પર પણ કેટલું સચોટ વ્યવહારિક ચિંતન! મન-મસ્તિષ્ક-બુદ્ધિ-ચારિત્ર્ય-શ્રમ-સંયમ અને શારીરિક સૌષ્ઠવ દ્વારા મનુષ્યનું સિંહત્વ પ્રગટ થાય એવી અભીપ્સા!

શિક્ષણનો ઉદ્દેશ્ય કેવળ ઉદર-પોષણ સુધી સીમિત ન જ હોઇ શકે. એ કાર્ય તો સૃષ્ટિનું પ્રત્યેક પ્રાણી કરે જ છે. બુદ્ધિશક્તિ અને વિચારશક્તિનું વરદાન તો કેવળ મનુષ્યને જ મળેલું છે અને શિક્ષણ દ્વારા એ શક્તિનો વિકાસ કરવાનો છે.

સમગ્ર વિષયને સારસંક્ષેપમાં ગૂંથીએ. શિક્ષણનું સ્વરૂપ એવું ઘડીએ જેનાથી મનુષ્યનાં ચિત્ત, શીલ અને પ્રજ્ઞા વિશુદ્ધ બને અને ઉદાત્ત જીવનનું ઘડતર થાય. એ માટે શિક્ષણનો વિચાર નીચેના ત્રણ તબક્કાઓમાં કરવો રહ્યો -

● **અધિચિત્ત શિક્ષણ (ચિત્તવિકાસ)**

માનવજીવનનો શરૂઆતનો ૮ વર્ષનો ગાળો અધિચિત્ત શિક્ષણનો છે જેમાં એના ચિત્તને સંસ્કારિત કરવાનું છે, શુદ્ધ કરવાનું છે. આ ગાળામાં જ ચિત્ત અધિકતમ ક્રિયાશીલ હોય છે. ચિત્તના બે ગુણધર્મો છે - સ્મૃતિ અને સંસ્કાર. ચિત્તશુદ્ધિ કરવાથી સ્મૃતિશક્તિનો વિકાસ થાય છે અને મનુષ્ય સુસંસ્કૃત બને છે. આ ગાળામાં સંસ્કારને પ્રભાવી બનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. અક્ષરજ્ઞાન કે ઔપચારિક શિક્ષણનું આ કાળમાં બહુ મહત્ત્વ નથી, પણ સંસ્કાર-સિંચન અતિ મહત્ત્વનું છે. જેટલું સારું આપી શકાય તે સહજ રીતે, અનૌપચારિક રીતે, સ્વ-વ્યવહારનો આદર્શ રચીને આ સમયમાં આપવું જોઇએ. બાળકની જીવનભરની મૂડી એના સંસ્કાર છે. સંસ્કારના મજબૂત આધાર પર શિક્ષણની ઇમારત ભવિષ્યમાં ચણવાની છે. જીવનનો સત્ત્વશીલ પાયો આ ગાળામાં રચવાનો છે. એની પ્રક્રિયા અને પ્રવિધિની ચર્ચા અત્યારે કરવી નથી. પણ આ વિચારસૂત્ર - અધિચિત્ત શિક્ષણનો શાંતિથી વિચાર કરીશું તો રસ્તો જડશે.

● **અધિશીલ શિક્ષણ (શીલવિકાસ)**

જીવનના ૯ થી ૧૬ વર્ષના ગાળામાં આ પ્રકારનું શિક્ષણ આપવાનું છે, જે શીલ-ચારિત્ર્યનું ગઠન કરે. જીવનમૂલ્યો અને સદ્ગુણવિકાસ આ ગાળામાં સ્થાપિત કરવનાં છે. પણ ધ્યાનમાં એ રાખવાનું છે કે એની રીત-પ્રક્રિયા બાંધાત્મક કે ઉપદેશાત્મક ન જ હોવી જોઇએ. એ પરિવારજનો, સ્વજનો અને મિત્રોના ઉત્તમ વ્યવહારથી સહજ-સ્વાભાવિક રીતે સ્થાપિત થાય. આ જ સમય છે જ્યારે 'સ્વ' ની ઓળખ થઇ શકે. 'સ્વ'ની શક્તિઓ પારખી શકાય. અને એ થકી આત્મગૌરવ અને આત્મરક્ષાનાં તત્ત્વો પણ મનુષ્યના જીવનમાં પ્રતિબિંબિત થાય. શારીરિક વૃદ્ધિ-વિકાસ અને માનસિક આવેગ-સંવેગની માત્રા પણ આ સમયગાળામાં અત્યધિક હોય છે તેથી સ્ખલનની સંભાવના પણ પ્રબળ હોય છે. એવાં સમયમાં એને એનાં આઠ વર્ષ દરમિયાન અપાયેલું 'અધિચિત શિક્ષણ' એની મદદે આવે છે અને એના આવેગોનું નિયમન કરે છે. બાળકના સમગ્ર જીવનની Blue Print આ સમયગાળામાં તૈયાર થાય છે. એનું ભાવિ જીવન આ સમયમાં થયેલી શિક્ષણપ્રક્રિયાના આધારે નિર્ધારિત થાય છે.

● **અધિપ્રજ્ઞા શિક્ષણ (બુદ્ધિવિકાસ)**

જીવનના ૧૭ થી ૨૪ વર્ષનો સમયગાળો એટલે આ પ્રકારના શિક્ષણનો ગાળો. હવે બાળકનું પૂર્ણ માનવ બનવાનું શરૂ થાય છે. વિકાસની પ્રક્રિયા પૂરા વેગમાં હોય છે. સ્વશિક્ષણની પ્રક્રિયા (Self-learning Process) પર આ ગાળામાં ચરમસીમાઓ હોય છે. સ્વાવલંબન વિકસાવવાનું છે. કોઇની મદદ મળે તો ઠીક નહીં તો આત્મબળથી રસ્તો શોધીને આગળ વધવાનું છે. તર્કશક્તિ, અનુમાનશક્તિ, વિવેક અને નિર્ણયશક્તિને ડગલે ને પગલે ઉપયોગ કરવાનો છે. શ્રેય અને પ્રેયનો વિવેક પણ વિકસાવવાનો છે. ચિંતન-મનન-મંથન ખીલવવાનું છે. બુદ્ધિપ્રતિભા - પ્રજ્ઞાનો ઉઘાડ કરવાનો આ સમય છે. મનુષ્યની શારીરિક - માનસિક - બૌદ્ધિક શક્તિઓ આ સમયમાં ચરમસીમાએ હોય છે. એ આડા-અવળા રસ્તે ફંટાઇ ન જાય એ માટે ખૂબ સાવધાન રહેવું આવશ્યક છે. નહીં તો જીવન છિન્ન-ભિન્ન થઇ જશે અને જીવનમાં દુઃખ અને સંઘર્ષ પ્રવેશ કરી જશે.

આમ મનુષ્યજીવનમાં શરૂઆતનાં ૨૫ વર્ષ જે જ્ઞાનોપાસના અને જીવન-ઘડતર માટે છે તેને ભારતીય પરિપેક્ષ્યમાં આકારિત કરવાથી જ સાચા મનુષ્યોનું વાવેતર થશે.

ટૂંકમાં કહીએ તો શિક્ષણમાં ભારતીયતાનો આવિષ્કાર કરવો એટલે વૈશ્વિકતાનો, વ્યાપકતાનો અને વિશાળતાનો આવિષ્કાર કરવો. યૂગાનુકૂળ અને ઇષ્ટ પરિવર્તનો આવકારવામાં વાંધો ન હોઇ શકે પણ અંતઃકરણને નબળું કરે એવું કંઇ જ ન ખપે. બહિર્કરણો અંતઃકરણને ઓશિયાળું બનાવે તે ન ચાલે. માટે પરિવર્તનને પણ ચકાસીને આવકારવામાં અને અમલમાં મૂકવા જેથી આપણું જીવનસત્ત્વ ન જોખમાય.

આ વિષય અતિ વ્યાપક છે. વિચારની શૃંખલા અવિરત ચાલતી રહે તો લખાતું જાય એવો વિષય છે. પણ આપણે જ્ઞાનને વ્યાવહારિક રૂપ આપી ડહાપણ અને સમજણને પણ આવકારવાં છે. તેથી હવે એ બધાંને સમન્વય કરવાનું શરૂ કરીએ... અને એહીં જ અટકીએ...

# આંધળો વિરોધ એ ફિલ્મને નુકશાન નહિ ફાયદો કરાવતો હોય છે

## અદબ પલાઠી મોં પર આંગળી

- ડો. સંતોષ દેવકર

**PK**
**દિગ્દર્શક : રાજકુમાર હિરાની**
**નિર્માતા : વિધુ વિનોદ ચોપરા, સિદ્ધાર્થ રોયકપૂર, રાજકુમાર હિરાની**
**સ્ક્રીન પ્લે : અભિજીત જોષી, રાજકુમાર હિરાની**
**મ્યુઝીક : અજય - અતુલ**
**સમય : ૧૫૩ મિનિટ**

રાજકુમાર હિરાની થ્રી ઇડિયટ્સમાં જે રીતે આજના શિક્ષણની મર્યાદાઓ ફલક ઉપર લાવે છે તે જોતા PK ફિક્કી ફિલ્મ લાગે છે. થ્રી ઇડિયસની સ્ટોરી લાઇન, સંવાદ અને શિક્ષણ અંગેના કટાક્ષ સામાન્ય વ્યક્તિને સ્પર્શે એવા હતા પણ તેથી ભારતીયએ તેનાં મોં ફાટ વખાણ કર્યા હતા.

PK ના સંદર્ભમાં સ્ટોરી લાઇન એકથી વધુ વાર તૂટે છે. સંવાદો દમદાર નથી. થોડાક સંવાદો પ્રહસન પુરુ પાડે છે. જેમાંથી સંપૂર્ણ કોમેડી નિષ્પન્ન થતી નથી. અલબત્ત એ સ્વીકારવું પડે કે આમીરખાનનો અભિનય લાજવાબ છે. અન્ય કોઇ ખાન તેની તોલે આવી શકે તેમ નથી. PK માં પણ મી. પરફેક્ટ ફરફેક્ટ અભિનય માટે દાદ મેળવી જાય છે.

PKમાં કેટલાંક પ્રસંગો ધાર્મિક લાગણીનો દુભાવનારા છે. તેમાં હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડી છે એમ લોકો અને કેટલાક ધાર્મિક સંગઠનો માને છે. PKમાં લીધેલા પ્રસંગોને ડાયરેક્ટર અન્ય રીતે બતાવી શક્યા હોત. માત્ર હિંદુ ધર્મની મર્યાદાઓ નહિ પરંતુ મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મની મર્યાદાઓને બતાવીને બેલેન્સીંગ કરી શક્યા હોત. બેલેન્સ ફિલ્મોાં અગત્યનું બની જાય છે. તમે જોયું હશે કે મોટા ભાગની ફિલ્મોમાં જો મંદિર બતાવવામાં આવે તો ફિલ્મ પૂરી થતાં થતાં તો અજાનનો અવાજ કે મસ્જિદ કે પછી ગુરુદ્વારા કે પછી ચર્ચ પણ બતાવવામાં આવે છે. મોટાભાગની પ્રાર્થના અને શ્રદ્ધાના સ્થળોને બેલેન્સીંગ આપણે જોઇ શકીએ છીએ. ખેર, એક વાત નિશ્ચિત છે કે શિક્ષણ તંત્ર ઉપર ફિલ્મ બની લોકોએ વખાણી રાજકારણ પર ફિલ્મ બને તો લોકો પ્રશંશા કરે છે, પોલીસ ડિપાર્ટમેન્ટ પર ફિલ્મ બની તેની ઘટનાઓ (ઓફ કોર્સ સત્ય જ સ્તો) ને બતાવવામાં આવે છે ત્યારે પણ લોકોને ગમે છે. એક માત્ર ધાર્મિક અને ધર્મ પર થયેલા પ્રહાર લોકો ખમી શકતા નથી. અલબત્ત સાચા જ પ્રસંગો ને ઘટનાઓ હોય છે તો પણ!




કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મ, ધાર્મિક, આધ્યાત્મ સંબંધી કોઇ પણ ઘટના કે પ્રસંગ (સત્ય હોય તો પણ) અમે સ્વીકારવા તૈયાર નથી. એ વાત દિગ્દર્શકોએ, સ્ટોરી રાઇટરોએ સમજી લેવી જોઇએ.

PK નો વિરોધ કરીને વધુ પબ્લિસીટીની મોકળાશ આપણે કરી આપીએ છીએ. જેમ જેમ વિરોધ વધતો જાય છે તેમ તેમ લોકો નક્કી કરે છે કે ફિલ્મમાં શું હશે? એક વાર જોવી તો પડશે જ. વગેરે વગેરે...

કોઇ પણ ફિલ્મને તેની કલાત્મકતાની રીતે જોવાની પદ્ધતિઓ આપણે ક્યારનીય પાછળ મૂકી આવ્યા છીએ. કલાત્મક અને કલાસીક ફિલ્મો માંડ એકાદ અઠવાડિયામાં તો વિદાય લઇ લે છે. ભારત દેશમાં ઢીસુમ... ઢીશુમ... ફિલ્મો જ ચાલે. આવી જ ફિલ્મો સો, બસો કે ત્રણસો કરોડનો ધંધો કરી આપે.

માત્ર હિંદુ ધર્મનાં કર્મકાંડમાં જ મર્યાદાઓ છે સાવ એવું નથી. દરેક ધર્મનાં કર્મકાંડમાં ક્યાંક ને ક્યાંક ત્રુટિ હોય જ અને રહેવાની જ. એનું માત્ર પ્રદર્શન એ લાગણી દુભાવવાની વાત જ બને છે. મર્યાદાઓનાં પ્રદર્શનની સાથે સાથે તેનું સોલ્યુશન બતાવવામાં ફિલ્મની સાચી ઓળખાણ થઇ શકે.

હિંદુ ધર્મના ક્રિયાકાંડમાં મર્યાદાઓ છે નિઃશંક બાબત છે. પરંતુ મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મની મર્યાદાઓને પણ ઉજાગર કરવાની જરૂર હતી. કદાચ થ્રી ઇડિયટ્સથી પણ વધુ આવકાર અને સ્વીકાર લોકોએ કર્યો હતો...!! તેમ છતાં મને કહેવા દો આંધળો વિરોધ એ ફિલ્મને નુકશાન નહિ ફાયદો કરાવતો હોય છે.

એક ખારો પ્રશ્ન કે : અત્યારે સમગ્ર ભારતમાં PK નો વિરોધ ચાલી રહ્યો છે. વિરોધ કરનારા બધાએ PK જોઇ હશે? જોયા પછી વિરોધ કરતાં હશે? કે જોયા વગર વિરોધ કરતા હશે? કોઇ ટીવી ચેનલ દ્વારા PK પ્રસારિત થશે ત્યારે ઘરનું ટીવી તોડી નાખીશું? આમીર ખાનને કારણે વિરોધ છે? દિગ્દર્શક અને વાર્તા લેખકો બિન હિન્દુ છે? વિરોધ કરીને ફિલ્મની પબ્લિસીટી તો નથી કરતા ને? વિરોધ કરતાં પહેલાં આ પ્રશ્ન વિશે ચોક્કસ વિચારીશું.

**નોંધ :**

PK ના સ્ક્રીપ્ટ રાઇટર એ ગુજરાતના નાટ્યવિદ સૌમ્ય જોશીના ભાઇ અને જ્ઞાતિએ બ્રાહ્મણ છે.

**મિસરી**

તેરી ઇસ દુનિયા મેં ઐસા મંજર ક્યોં હૈ?
કહીં જખ્મ તો કહી પીઠ પર ખંજર ક્યોં હૈં?
સુના હૈ કિ તુ હર જર્રે મેં રહતા હૈ
તો ફિર જમી પર મંદિર તો કહીં મસ્જિદ ક્યોં હૈ?
જબ રહનેવાલે ઇસ દુનિયા કે હૈ તેરે હી બન્દે
તો ફીર કોઇ દોસ્ત તો કોઇ દુશ્મન ક્યું હૈ
તુહી લીખતા હૈ સબકા મુકદ્દર તો
કોઇ બદનસીબ તો કોઇ મુકદ્દર કા સિકંદર ક્યોં હૈ?

**(SMS રાજેશ, ડો. જાદવ, વડોદરા)**

# વિદેશમાં રહેતા ભારતીયો હવે લોકશાહીનો હિસ્સો બની શકશે

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



એનઆરઆઈને મતાધિકાર આપવાનો નિર્ણય સુપ્રિમ કોર્ટે તાજેતરમાં લીધેલ છે સુપ્રિમ કોર્ટે આ માટે સરકારને આઠ અઠવાડિયાનો સમય આપ્યો છે ઘણા સમયથી સુપ્રિમ કોર્ટમાં સદર મુદ્દો નિર્ણય માટે હતો જે હવે કાયદો બનવા જઈ રહ્યો છે. ગુજરાતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી થઈ રહી હતી તે દરમ્યાન જ આ ચુકાદો આવતા નોન રેસીડેનટ ઈન્ડીયનમાં ઉત્સાહ અને આનંદ જોવા મળતો હતો.

સમગ્ર મુદ્દાને ચુકાદા સુધી પહોંચાડવાનો યશ અબુધાબી રહેતા એનઆરઆઈ શમશીર તયલ્લીને જાય છે જેમણે એનઆરઆઈ મતાધિકાર સુપ્રિમ કોર્ટમાં પીટીશન દાખલ કરેલ પોસ્ટલ વોટીંગથી વિદેશમાં રહેતા ભારતીયો આ ચુકાદાથી મતદાન કરી શકશે જેનાથી ભારતીય રાજકારણમાં નવા સમીકરણ ચોક્કસ મંડાશે કયા પક્ષને ફાયદો થશે તે આવનાર ચૂંટણીમાં જ માલુમ પડશે.

ભારતીય લોકશાહીમાં વિદેશમાં રહેતા ભારતીયો સહયોગી બની શકશે લોકશાહિને જીવંત રાખવા મતાધિકારથી પોતાનો અવાજ ઉઠાવી શકે છે. મૂળ ભારતીય પરંતુ વિદેશી નાગરિકત્વ ધરાવનારને આ ચુકાદો લાગુ પડશે નહી ભારત સીવાય અન્ય દેશનું નાગરિકત્વ ધરાવનારને આ ચુકાદાનો લાભ મળી શકશે નહિ પરંતુ મુળ ભારતીય અને એનઆરઆઈ તરીકેની ઓળખ સાબિત કરનારને મતાધિકારનો લાભ મળશે અને ભારતીય લોકશાહિમાં પોતાનું યોગદાન પોસ્ટલ બેલેટથી અગરનો રૂબરૂ હાજર રહી વોટીંગ કરી શકાશે.

ભારતમાંથી ઘણા લોકો વર્ક પરમીટ મેળવી વિદેશ ગયા છે જે લોકો ભારતીય સીટીઝનશીપ ધરાવે છે તે લોકો પણ આનો લાભ મેળવી શકશે મૂળ ગુજરાતમાં સૌથી વધુ વર્ક પરમીટ ધરાવનાર લોકો વિદેશમાં છે ભારતીય મતદાતા યાદીમાં જેમનું નામ ચાલુ છે પરંતુ કામ ધંધા અર્થે વિદેશમાં વર્ક પરમીટ મેળવે છે તેઓ મતદાન કરી શકશે.

દેશમાં નવી સરકાર રચાતા વિદેશમાં પ્રધાનમંત્રીને જે રીતે પ્રતિસાદ મળેલ તે જોતા સરકાર પણ એનઆરઆઈ મતાધિકારના પક્ષમાં હતી વિદેશમાં રહીને પણ ભારતના પ્રતિ સમર્પીત એનઆરઆઈ પણ ભારતીય લોકશાહીમાં પોતાનું યોગદાન મતાધિકારથી આપવા ઈચ્છુક હતા જ પરંતુ સમયાંતરે એનઆરઈ વોટીંગનો મુદ્દો ઉછળતો પરંતુ પાછળથી શાંત થઈ જતો આ મામલો કોર્ટમાં જતા ચુકાદો આવતા સરકારે પણ ચુકાદાનો અમલ કરવા તત્વરતા દર્શાવેલ છે આગામી સમયમાં કાયદાનું સ્વરૂપ લેવાતા જેનું પરિણામ હવે પછીનું ચૂંટણીમાં અવશ્ય જોવા મળશે.

હાલમાં એનઆરઆઈ મતાધિકાર માટે મતાધિકાર માટે પોસ્ટલ વોટીંગનો વિકલ્પ સ્વીકારવામાં આવ્યો છે પરંતુ સો ટકા સલામત કોઈ પધ્ધતિ હાથવગી નથી મતદાનની ગુપ્તતા જળવાય તે માટે પોસ્ટલ બેલેટનો વિકલ્પ સ્વીકારેલ છે વિદેશમાં રહેતા ભારતીયોને ઈન્ટરનેટ દ્વારા પોસ્ટલ બેલેટ પહોંચાડવામાં આવશે એ બેલેટ પેપરમાં પોતાના પસંદગીના ઉમેદવાર સામે નિશાન કરી પોસ્ટલ બેલેટ પોસ્ટ દ્વારા પરત કરાતા મતગણતરીમાં આવા પોસ્ટલ બેલેટને ગણવામાં આવશે ઈ વોટીંગ સામે હેકીંગનો ખતરો હોવાનું અનુમાન કરી પોસ્ટલ બેલેટને જ મહત્વ આપેલ છે.

પ્રોકસી વોટીંગનો મુદ્દો પણ ચુકાદામાં નામદાર કોર્ટે ચર્ચામાં લીધેલ છે વિદેશમાં રહેતા વ્યકિત સ્વેદેશમાં રહેતા પોતાના સ્વજનને વોટીંગ ઓથોરીટી આપે અને એનઆરઆઈના બદલે વોટીંગ બુથ ઉપર જઈને વોટ કરે આ પધ્ધતિમાં બીજી વ્યકિતને ઓથોરીટી આપવામાં આવતા જેના માટે વોટીંગ કરવાનું કહ્યું હોય તેને જ વોટ આપશે કે કેમ? તે પક્ષ પ્રશ્ન છે તેથી આ પધ્ધતિ પડતી મુકવામાં આવી અને પોસ્ટલ બેલેટને જ અગ્રતા આપવાનું નામદાર કોર્ટે ઠરાવ્યું છે.

એક યોજના મુજબ એનઆરઆઈ જે તે દેશની એમ્બેસીમાં જઈ મુક્કર કરેલ દિવસે જ વોટીંગ કરી આવે અને આ માટે એમ્બેસી વોટીંગ બુથની વ્યવસ્થા કરે પરંતુ આમાં વોટરોને દૂર દૂરથી એમ્બેસી સુધી જવું પડે તે વ્યાજબી જણાયેલ નહિ અને જે તે વ્યકિતને ટ્રાવેલીંગ ખર્ચ કરવો પડે જેથી પણ વોટીંગ ના કરે તેમજ કામ કરતા લોકોને રજા પાડવી પડે જે તે દેશના નિયમો મુજબ અવેતન રજા ના પણ આપવામાં આવે આવા પાસાનો વિચાર કર્યા બાદ નામદાર સુપ્રીમ કોર્ટે પોસ્ટલ બેલેટ વિકલ્પ જ રાખતા સંજોગોમાં યોગ્ય વિકલ્પ તરીકે સ્વીકારી સરકારને આ માટે ૬૦ દિવસમાં નિર્ણય માટે જણાવેલ છે પરંતુ આ ચુકાદાથી વિદેશમાં વસતા ભારતીયો લોકશાહીમાં પોતાનું યોગદાન આપ્યાનો સંતોષ ચોક્કસ લઈ શકશે અને મનપસંદ સરકાર ચૂંટી શકશેજે સૌથી મોટી વાત છે આવનાર દિવસોમાં ભારતીય રાજકારણમાં મોટી ઉથલપાથલ એનઆરઆઈ વોટીંગથી ચોક્કસ થશે.

**નોંધ :** કાયદાની વધુ જાણકારી માટે તથા વાચકોના લાભાર્થે વેબસાઈટ www.advocateashvintrivedi.com જોવા વિનંતી.